નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૬૪/ ૩૧
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા.૧૦-૦૯-૨૦૦૭.

:-: પ રિ પ ત્ર :-:

વિષય:- **મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટા ભાડે (સબલેટીંગ) આપવાની નિગમની નીતિ બાબત.**

સંદર્ભ:- (૧) પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/પીઓએલ/૧(૬)/૩૧/૫૯૧/૯૫ તા.૧૭-૦૬-૧૯૯૫

(૨) પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/એચએન્ડએ/પીઓએલ/૧(૬)/૨૩/૯૮ તા.૩૦-૦૫-૧૯૯૮.

(૩) પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/એચએન્ડએ/પીઓએલ/૧૩-૨૦૦૧ તા.૦૩-૦૩-૨૦૦૧.

(૪) પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/એચએન્ડએ/પીઓએલ/૨૦ તા.૧૩-૦૮-૨૦૦૩.

(૫) પરિપત્ર નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલિસી/૧૬ તા.૧૬-૧૦-૨૦૦૬

:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:

નિગમની તમામ ઔદ્યોગિક વસાહતોમાં આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડ/રહેણાંક અને વાણિજ્ય પ્લોટ/મિલ્કતોને પેટાભાડે આપવા બાબતની નીતિ સંદર્ભતળેના પરિપત્રોથી પરિપત્રિત કરવામાં આવેલ છે.

નિગમની ઔદ્યોગિક વસાહતોમાં **મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન** માટે પેટાભાડે આપવાની નીતિમાં એકસુત્રતા જળવાઈ રહે તે માટે નિગમની પ્રવર્તમાન નીતિ વિષયક સુચનાઓ યથાવત રાખી, નીમ્ન દર્શીત ૦૪ (ચાર) મુદ્દાઓએ સ્પષ્ટતા/સુધારો કરવામાં આવે છે.

(૧) ટેલીકોમ્યુનીકેશન ટાવર માટે ઔદ્યોગિક/રહેણાંક/વાણિજ્ય જમીન/મિલ્કતનો ભાગ પેટા ભાડે આપવામાં આવે ત્યારે, નિગમના પરિપત્ર નં.ઓએન્ડએમ/સીઆઈઆર/એએલટી/એચએન્ડએ/પીઓએલ/૧(૬)/૨૩/૯૮તા.૩૦-૦૫-૧૯૯૮ના પરિપત્ર મુજબ પેટા ભાડે આપવામાં આવતાં ભાગને વાણિજ્ય ઉપયોગ ગણી વસુલ મેળવવાની થતી પેટા ભાડાની ફી પ્રત્યેક ૦૫ (પાંચ) વર્ષના ધોરણે અગોતરી/એડવાન્સ કે પેટા ભાડાના સમય માટે એકીસાથે એડવાન્સમાં વસુલ મેળવવાની રહેશે.

(૨) ટેલીકોમ્યુનીકેશ ટાવરની મંજુરી ફી તરીકે નિગમની પૂર્ણ વિકસિત ૯૭ વસાહતોમાં ટાવર ઈન્સ્ટોલેશન દીઠ સ્થાપના સમયે એક વખતના ધોરણે રૂા.૨૫,૦૦૦/-- અને અન્ય વસાહતોમાં રૂા.૧૦,૦૦૦/-- વસુલ મેળવવાના રહેશે.

(૩) જે જમીન/મિલ્કતમાં ટાવર ઉભો કરવામાં આવે, તે જમીન/મિલ્કતનો જે પ્રકાર હોય તે પ્રમાણે જે તે જમીન/મિલ્કતનો વેરો/ચાર્જ/કર વસુલ મેળવવામાં આવશે. પરંતુ, ટેલીકોમ્યુનીકેશન

:-: પાછળ :-:

ટાવર તરીકેના ઉપયોગ હેઠળનો વિસ્તાર વાણિજ્ય પ્રવૃતિ ગણવી. તે અનુસાર વેરો/ચાર્જ/કર વસુલ મેળવવાનો રહેશે.

(૪) ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદામાં આવી પરવાનગી આપવાની રહેશે.

મોબાઈલ ટાવર ઉભા કરવા/ સ્થાપવા માટેની અરજીની સાથે નીચે મુજબના જરૂરી દસ્તાવેજો મેળવવાના રહેશે.

(૧) ફાળવણીદાર અને સેલ્યુલર કંપની અથવા તેના અધિકૃત એજન્ટ વચ્ચે થયેલ કરારની નકલ.

(૨) મીનીસ્ટ્રી ઓફ ટેલીકોમ્યુનીકેશન દ્વારા મંજુર કરવામાં આવેલ "સ્ટેડીગ એડવાઈઝરી કમિટી ઓન રેડીયો ફ્રીક્વન્સી એલોકેશન (SACFA)નો મંજુરી પત્ર.

(૩) બી.ટી.એસ. ટાવરનું લોકેશન અને ઉંચાઈ દર્શાવતો નકશો.

(૪) જરૂરી હોય ત્યાં નજીકના એરપોર્ટ ઓથોરીટીનું "ના વાંધા પ્રમાણપત્ર".

આ ઉપરાંત સેલ્યુસર પ્રોવાઈડર કંપની પાસેથી રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર નીચેની બાબતોનો સમાવેશ થાય તેવું બાંહેધરીખત મેળવવાનું રહેશે.

૧. ટાવરની સ્થાપના તેમના સ્ટ્રકચર એન્જીનીયરની દેખરેખ હેઠળ કરવામાં આવશે.

૨. જી.ડી.સી.આર.ના નિયમો હેઠળ બાંધકામ કરવાનું રહેશે.

૩. બીલ્ટઅપ એરીયાની બહાર પ્રોજેક્શ કરી શકાશે નહી.

૪. ફાયર સેફટી માટેની પૂરતી વ્યવસ્થા કંપનીએ કરવાની રહેશે.

૫. ભવિષ્યમાં આ સ્ટ્રકચરનો ગેરકાયદેસર ઉપયોગ થતો જણાય તો કંપનીના જોખમે અને ખર્ચે દૂર કરવાનું રહેશે અને તેના વળતર માટે કંપની હકદાર રહેશે નહી.

૬. આ ટાવરને કારણે ભવિષ્યમાં કોઈ ખાનગી/સરકારી કે અર્ધ સરકારી મિલ્કતને કોઈ નુકશાન કે જાનહાનિ થાય તો તેની સંપુર્ણ જવાબદારી આવી કંપનીની રહેશે.

ઉપરોક્ત સુચનાઓનું પાલન થતુ હોય તેવા કિસ્સામાં પ્રવર્તમાન સત્તા સોંપણીની જોગવાઈ મુજબ <u>ટેલીકોમ્યુનીકેશન ટાવર સ્થાપવા/ઉભા કરવા માટે પરવાનગી વડી કચેરીની મંજુરી મેળવી આપવાની રહેશે.</u> આ સિવાયની અગાઉની તમામ સૂચનાઓ યથાવત રહે છે. તેની સર્વે વિતરણ અધિકારીઓને સુચના આપવામાં આવે છે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

❖ નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ

<u>નકલ જયભારત સાથે.રવાના.</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) નિગમની તમામ વસાહતોના માન્ય ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન (મંડળો)ના પ્રમુખશ્રી તરફ.

(૩) મદદનીશ મેનેજર(વિતરણ) તરફ નિગમની વેબ સાઈટ ઉપર મુકવા માટે.

રવાના કર્યુ.

મેનેજર(મહેકમ)